**DATE: 11/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# અંકલેશ્વર પરિવાર હોટલના કંપાઉન્ડમાંથી શંકાસ્પદ કેમિકલ વેસ્ટ ભરેલ ટેન્કર ઝડપાઈ

। અંકલેશ્વર ।

ભરૂચ જિલ્લામાં રેંજ આઈ જી ની સૂચનાથી વિવિધ પોલીસ મથકના કર્મીઓ અને ક્રાઈમ બ્રાંચ દ્વારા ગુનેગારો સામે સતત લાલ આંખ કરવામાં આવી રહી છે,

અંકલેશ્વર પંથકમાં પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પેટ્રોલિંગ દરમીયાન ક્રાઈમ બ્રાંચ દ્વારા શંકાસ્પદ કેમિકલ ભરી વહન થતા ટેન્કરને ઝડપી પાડયુ હતું. ભરૂચ ક્રાઈમ બ્રાંચના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન મળેલ બાતમીના આધારે અંકલેશ્વર નેશનલ હાઈવેને અડીને આવેલ પરિવાર હોટલના કંમ્પાઉન્ડમાં શંકાસ્પદ કેમિકલ વેસ્ટ ભરેલ ટેન્કરને કોઈ જગ્યા ખાલી કરવા જવાનું હોવાની બાતમીના આધારે ઝડપી પાડયુ હતું. પોલીસ પકડમાં આવેલ ટેન્કરની અંદરના ભાગે કાળા કલરના કેમિકલ વેસ્ટનો જથ્થો ૨૮૦૦૦ લીટર સાથે ચાલક ચંદ્રપ્રકાશસિંહ વિજયસિંહ ચૌહાણ રહે, રાજસમંદ, રાજસ્થાન નાઓની ધરપકડ કરી કુલ રૂ.૧૦ લાખનો મુદામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# સુરવાડીમાં દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે નવા દીવાના સ્કૂલ ફળિયાનો બુટલેગર સુરવાડીથી મોપેડ નં.(જીજે-૧૬-સીપી-૧૦૫૯) ઉપર વિદેશી દારૂનો જથ્થો લઇ નવા દીવા ગામ તરફ આવે છે એવી બાતમી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી. ત્યારે પોલીસે ૧૨ હજારના દારૂ અને મોપેડ મળી 42 હજારથી વધુના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી હતી.

**DATE: 12/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# કંપનીમાં થયેલી ચોરીનો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

તા. 28મી એપ્રિલના રોજ અંકલેશ્વર જીઆઈડીસીમાં નેક્ટર એન્જીનીયરીંગ ફેબ્રિકેશન કંપનીમાંથી 72 હજારના સામાનની ચોરી થઇ હતી. ચોરીની ઘટનાની તપાસ જીઆઈડીસી પોલીસ ચલાવી રહી હતી અને અગાઉ બે આરોપીને ઝડપી પાડયાં હતાં. તેમની પૂછપરછમાં અમિત સિંગ નામના અન્ય આરોપીનું નામ બહાર આવ્યું હતું જેથી પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડી વધુ પૂછપરછ આદરી છે.

# જૂના દિવી ગામે માટલામાં સંતાડેલો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા નવા દીવા ગામ ખાતે શ્યામજી ફળીયામાં બુટલેગર લલિતા વસાવાના ધરે માહિતી આધારે સર્ચ શરુ કર્યું હતું. ઘર ની પાછળ વડા માં પોલીસ સર્ચ કરતા જમીનમાં માટલા દાટેલા મળી આવ્યા હતા જેમાં તપાસ કરતા અંદરથી દારૂની બોટલ અને પાઉચ મળી આવ્યાં હતાં. પોલીસે 7 હજારનો દારૂ કબજે કરી બુટલેગરની ધરપકડ કરી હતી. તેને ઈમરાન ઉર્ફે મરઘી દીવાન આપી જતો હોવાનું સામે આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

**DATE: 12/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

## પોલીસની રેડ પડતાં જૂગારિયાઓમાં દોડધામ

# જંબુસર ડેપો પાસે જૂગાર રમતાં 3 ઝડપાયા, 2 ફરાર

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર એસટી ડેપો પાસે જામેલ જુગારની મહેફિલ પર પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે ત્રણ જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે બે જુગારી ભાગી ગયાં હતાં. ટીમે 9 હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જંબુસર પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, કેટલાંક જુગારિયાઓએ એસટી ડેપો સર્કલ પાસે બંધ લારીઓ પર જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, તે પૈકીના મોહમદ મુસ્તુફા રહેમાન મલેક, મોસીન ઉર્ફે લવલી યાસીન પઠાણ, અબ્દુલ અજીજ મોહમદ હુસેન શેખ નામના ત્રણ જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે મુનાફ મોહમ્મદ મિર્ઝા તેમજ મકસુદ યાસીન નામના બે જુગારિયાઓ ભાગી ગયાં હતાં. ટીમે સ્થળ પરથી રોકડા રૂપિયા તેમજ ત્રણ મોબઈલ મળી કુલ 9 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 12/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ટેમ્પોચાલકને ધમકી આપનાર 2 ઝડપાયા

ભાસ્કરન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વરની પ્રતિન ચોકડી પાસે ટેમ્પાચાલકને સાઈડમાં હટવાનું કહી એરગન તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપનારા બે આરોપીની પોલીસે ધરપકડ કરી છે.આ ગુનામાં સંડોવાયેલાં ભાર્ગવસિંહ પઢિયારઅને અજય પઢિયારની ધરપકડ કરી હતી. તેમની પાસે અદલ પોલીસ ની પિસ્તોલ જેવી જ એરગન કબજે લેવામાં આવી છે. બંને ઝઘડીયા જીઆઈડીસી માં સીવીલ કોન્ટ્રાકટ નું કામ કરે છે અને બેંકના કામ માટે આવ્યાં હતાં.

**DATE: 12/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરનો ફરાર સાઈલન્સર ચોર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

તાજેતરમાં સાઈલેન્સર ચોરી ના ગુનામાં સંડોવાયેલ રીઢા સાઈલેન્સર ચોરને અમદાવાદ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. તેણે અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તાર માંથી પણ 4 સ્થળે થી સાઈલેન્સર ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી જે કબૂલાત આધારે જીઆઈડીસી પી.આઈ. બી.એન. સગરના માર્ગદર્શન હેઠળ એક ટીમ અમદાવાદ રવાના થઈ હતી અને ટ્રાન્સફર વોરન્ટથી આરોપીનો કબજો મેળવ્યો હતો.

**DATE: 12/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

<u>ભરૂચ જિલ્લાના એક ગામમાં</u>

# પતિના લગ્નેતર સંબંધથી કંટાળેલી પરિણીતાએ અભયમની મદદ માગી

ભરૂચ,તા.૧૧

ભરૂચ જિલ્લાના એક ગામમાં પત્ની અને બાળકોને ભૂલી પ્રેમિકાના પ્રેમમાં પાગલ બનેલા પતિને પાઠ ભણાવવા માટે પત્નીએ અભયમની મદદ લેતાં અભયમની ટીમે પતિને કાઉન્સેલિંગ કરતાં પતિએ માફી માંગતા મામલો થાળે પડયો હતો.

## કાઉન્સેલિંગ બાદ પતિએ માફી માગી લેતાં મામલો થાળે પડ્યો

ભરૂચ જિલ્લાના ગામમાં રહેલા શખ્સને લગ્ન પહેલા પ્રેમ સંબંધ હતો. જે લગ્ન અને બે બાળકના જન્મ પછી પણ ચાલુ રહ્યો હતો. પતિ આખો દિવસ પ્રેમિકા સાથે વિડીયો કોલ અને મેસેજથી વાત કરતો રહેતાં જેને લઈને પતિ અને પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતાં હતાં. પતિના પ્રેમસંબંધની જાણ પત્નીને થતાં પત્ની પણ પતિના લગ્નેતર સબંધથી કંટાળીને ૩ મહિનાથી બાળકો સાથે પિયરમાં રહેતી હતી. પરિણીતાએ આ સમસ્યાના નિવારણ માટે મહિલા હેલ્પ લાઇની મદદ માગી હતી. જેના પગલે અભયમની ટીમ તેના ઘરે પહોંચી પતિને સમજાવતા તેણે પોતાની ભૂલ કબૂલી હતી, અને બાળકો સહિત પત્નીને સાથે લઇ આવ્યાં હતાં.

### 2019માં પી. જી. ગ્લાસમાં ઘટના બની હતી

# ઊંટિયાદરા લૂંટ વિથ ત્રિપલ મર્ડર કેસમાં આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વર તાલુકાના ઉટીયાદરા ગામની સીમમાં આવેલ બંધ પી.જી.ગ્લાસ પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં વર્ષ 2019 માં 40 જેટલા લૂંટારું ત્રાટક્યા હતા. તેમના હિંસક હૂમલામાં ફરજ ઉપરના 3 સિક્યુરીટી ગાર્ડના ઘટના સ્થળે જ ગંભીર ઈજાઓના પગલે મોત નીપજ્યા હતા. જ્યારે 4ને ગંભીર ઈજા પહોંચી હતી. જે તે સમયે પોલીસે પાંચ લૂંટારુંઓને અને બાદમાં બે લૂંટારૂઓ ઝડપી પાડ્યાં હતાં. દરમિયાનમાં ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ત્રિપલ મર્ડરના કેસમાં સંડોવાયેલો અમન રાકેશ કૌશલ સુરત ખાતે અમરોલી વિસ્તારમાં કોસાડ ખાતે રહે છે અને તે હાલ ઘરે જ છે . જેથી તુરંત ટીમે પહોંચી તેને ઝડપી પાડી ભરૂચ લઈ આવ્યાં હતાં. જે બાદ આરોપીને અંકલેશ્વર તાલુકા પોલીસને સોંપ્યો હતો. ઉલ્લેખનીય છે કે લૂંટારો ટેમ્પો લઈને આવ્યાં હતાં.

### ટ્રાફિકના નિવારણ માટે પોલીસનો નિર્ણય, તવરા રોડ પર ખાનગી બસો માટેના ડેપો

# ઝાડેશ્વર ચોકડીએ ગમે ત્યાં ઉભી કરી દેવાતી લકઝરી બસો જપ્ત કરી લેવાશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની ઝાડેશ્વર ચોકડીથી તવરા સુધીના માર્ગ પર સર્જાતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે પોલીસે ટ્રાવેલ્સ સંચાલકોને ચીમકી આપતાં કહયું છે કે, ઝાડેશ્વર ચોકડી કે આસપાસના સર્વિસ રોડ કે પછી તવરા જવાના રોડ પર ગમે ત્યાં ઉભી રખાયેલી લકઝરી બસોને જપ્ત કરી લેવામાં આવશે.

ભરૂચના તવરા રોડ પર ખાનગી લકઝરી બસોના મોટા ડેપો બની ગયાં છે. ઝઘડિયા અને દહેજ જીઆઇડીસીમાં આવેલી કંપનીઓમાં ચાલતી લકઝરી બસો તવરા રોડના ડેપોમાં અથવા રોડની સાઇડમાં પાર્ક કરી દેવામાં આવે છે જેના કારણે માર્ગ સાંકડો બની જતાં અન્ય વાહનચાલકોને હાલાકી ભોગવવી પડે છે. કંપનીના કર્મચારીઓને ઉતારવા માટે બસ ગમે ત્યાં ઉભી કરી દેવામાં આવતી હોવાથી અકસ્માતના બનાવો બનવાની સાથે ટ્રાફિકજામ થઇ જાય છે. ઝાડેશ્વર ચોકડીના ચારેય સર્વિસ રોડ કે તવરા રોડ પર કર્મચારીઓને બેસાડવા કે ઉતારતી વખતે લકઝરી બસ ગમે ત્યાં ઉભી કરી દેવામાં આવશે તો બસને જપ્ત કરી લેવામાં આવશે. ભરૂચ જિલ્લા ટ્રાફિક વિભાગના પીઆઇ તડવીએ તમામ ટ્રાવેલ્સ સંચાલકોને આ બાબતની જાણ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દહેજ જીઆઇડીસીમાં આવી રહેલાં ઉદ્યોગોના કારણે કર્મચારીઓની સંખ્યામાં વધારો થયો છે અને તેના કારણે વાહનોની માગમાં વધારો થતાં ભરૂચ ઉપરાંત રાજ્યના અન્ય શહેરોમાંથી લકઝરી બસો ભરૂચમાં આવી રહી છે અને બસોની સંખ્યા વધી જતાં ટ્રાફિકજામની સમસ્યા વિકટ બની છે અને તેના કારણે હવે પોલીસ એકશનમાં આવી છે.

**DATE: 13/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અસલીના બદલે નકલી નોટોના બંડલ પકડાવી નાસી છૂટતાં હતાં

# રાજ્યમાં છેતરપિંડીના 80 ગુનામાં સંડોવાયેલો ભેજાબાજ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વરની જયમીત રિયાલીટી કંપનીમાં સાઈડ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતો ઋષિકેશ રામરાજ 1.50 લાખ રૂપિયા બેન્કમાં જમા કરવા આપ્યાં હતાં. તેઓ બીઓબી બેન્કમાં ગયાં ત્યાં બે શખ્સોએ તેની પાસે આવી તેમને બે લાખ ભરવાના હોઈ સ્લિપ ભરી આપવા કહેતાં તેઓએ બેન્કની બહાર નિકળી તેમનું ફોર્મ ભરી રહ્યાં હતાં. ત્યારે તેમને ભોળવી નોટોની સાઈઝમાં કાપેલાં કાગળની ગડ્ડી બાંધેલો રૂમાલ તેને આપી તેમની પાસેના 1.50 લાખ રૂપિયા લઈ ત્યાંથી રફૂચક્કર થઈ ગયો હતો.

મામલામાં એલસીબીની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરતાં તે પૈકીનો એક શખ્સનું નામ સાજીદ સલીમ ખાન હોવાનું તેમજ તે સુરતના પલાસાણા નો હોવાનું માલુમ પડતાં ટીમે તેની ધરપકડ કરી હતી. પ્રાથમિક પુછપરછમાં તેના મિત્રો જિતેન્દ્ર ઉર્ફે ભુરિયા રહે. અમરોલી, સતનામ ઉર્ફે પપ્પુ, આયુશ મિશ્રા, પ્રમોદ યાદવ રહે. કડોદરા, યોગેશ નામદેવ પાટીલ રહે. સંજયનગર, રવિયા ચસ્સી રહે. મુંબઈ તેમજ બટલા રોહિત રહે. વલસાડ સાથે મળી તેઓએ 80થી વધુ ગુનાની કબુલાત કરી છે.

### ગઠિયાઓએ આંતરરાજ્ય ગુના આચર્યાં છે

ટોળકીએ ગુજરાતમાં અંકલેશ્વર સુરત સહિત ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ તેમજ મહારાષ્ટ્રમાં અલગ અલગ બેન્કો પર લોકોને ટાર્ગેટ કરી ખેલ પાડ્યાં છે. હાલમાં અન્ય તેના અન્ય સાગરિતોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે. » ડો. લીના પાટીલ, એસપી, ભરૂચ.

**DATE: 13/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# કુકરવાડામાં આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત 1111 નંગ વૃક્ષારોપણ




**ભરૂચ**| ભરૂચ જિલ્લાના કુકરવાડામાં આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અશોકા બિલ્ડકોન લિમિટેડ આઝાદી કા અમૃત મોહત્સવ - 2023, ટ્રી પ્લાન્ટેશન ડ્રાઇવની ઉજવણી કરી હતી.વૃક્ષારોપણ દરમિયાન મુખ્ય મહેમાન ભરૂચ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ વી કે ભુતિયાએ હાજર રહી 1111 નંગ વૃક્ષોનું રોપણ કર્યું હતું.

**DATE: 13/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# નેત્રંગ તાલુકાના થવા પ્રા.શાળામાં એસપીસી પ્રવેશોત્સવ યોજાયો



**ભરૂચ** | નેત્રંગ તાલુકાના થવા ગામની પ્રાથમિક શાળામાં SPC પ્રવેશઉત્સવની ઉજવણીના ભાગરૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નેત્રંગ પોલીસ મથકના પીએસઆઇ કે.એન વાઘેલા દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.તેમજ વિદ્યાર્થીઓને પોલીસ મથકની મુલાકાત કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

**DATE: 13/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### ભરૂચ પોલીસે આરોપીને ઉત્તરાખંડથી ઝડપી લીધો

# વિદેશમાં નોકરીની લાલચ આપી 37.17 લાખની ઠગાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના એક યુવાને એક વેબ સાઈટ થકી વિદેશ જવા માટેની ઈન્કવાયરી કરી હતી. જેમાં એક શખ્સે તેનો ફોન પર સંપર્ક કર્યો હતો. તેણે નોકરી અપાવવા માટેના વિવિધ ફોર્મ તેમજ અન્ય પ્રોસેસ ફી સહિતની વાતોમાં તેને ભોળવી યુવાન પાસે તેમણે મોકલેલી એક લિંક પર તબક્કાવાર રીતે 19.85 ટ્રાન્સફર કરાવી લીધાં હતાં. જે બાદ તેને ઠગાઈ થઈ હોવાનું માલુમ પડ્યું હતું. અરસામાં તેણે અન્ય નંબરથી બીજા શખ્સોનો ફોન આવ્યો હતો. ફોન કરનારાઓએ તેમણે પહેલાં જે કંપનીમાં રૂપિયા ટ્રાન્સફર કર્યાં હતાં. તે કંપનીને હવે તેઓની કંપનીએ ટેક ઓવર કરી લીધી છે.

યુવાનને તમારા રૂપિયા પરત કરવાના છે તેમ કહીં તેમને ભોળવ્યાં હતાં. જે બાદ તેમની પાસે અલગ અલગ ચાર્જના બહાને તબક્કાવાર રીતે કુલ 17.32 લાખથી વધુની રકમ અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધાં હતાં. બન્નેવારના થઈ કુલ 37.17 લાખ રૂપિયાની છેતરપિંડી થતાં આખરે યુવાને ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલ સાયબર ક્રાઈમની ટીમે ટેક્નિકલ એનાલિસીસ તેમજ હ્યુમન રિસોર્સ અને બેન્ક એકાઉન્ટોની માહિતી મેળવી તેના આધાર તારણ કાઢતાં ગઠિયાનું નામ દિપેશ ઉર્ફે ચંદ્રમોહન (રહે. ખોડા, ગાઝીયાબાદ, યુપી) હોવાનું તેમજ તે હાલ ઉત્તરાખંડમાં હોવાનું માલુમ પડતાં ટીમે તેને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 13/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઝઘડિયાનો અશોક વસાવા સાસરીમાં હતો

# આજીવનની કેદની સજા બાદ દુષ્કર્મનો ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયામાં દુષ્કર્મના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતો અને વચગાળાના જામીન મેળવી નાસી છૂટેલો આરોપી આખરે ઝડપાય ગયો છે.

ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમ દ્વારા ફરાર થયેલા કેદીઓ અને આરોપીઓને શોધી કાઢવા કવાયત હાથ ધરવામાં આવી હતી. ઝગડિયા પોલીસ મથકમાં નોંધાયેલાં દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા થયા બાદ ફરાર આરોપી અશોક વસાવાને ઝડપી પાડયો હતો. આરોપી ઝઘડિયાના હનુમાન ફળિયાનો રહેવાસી છે. તેના ગુજરાત હાઈકોર્ટે 15 દિવસના વચગાળાના જામીન મંજૂર કર્યા હતાં. આરોપી અંકલેશ્વરના ભાટવાડ ખાતે તેની સાસરીમાં આવવાનો હોવાની બાતમી મળતા પેરોલ ફ્લોની ટીમે વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડયો હતો અને ઝગડિયા પોલીસને સોંપ્યો હતો. આરોપી નાસતો ફરતો હતો ત્યારે તેની પત્ની સાથે સંબંધ રાખનારા બે યુવાન પર જીવલેણ હૂમલો કર્યો હતો. આરોપી પોલીસથી બચવા માટે ગાઢ જંગલોમાં જઈને છુપાઈ જતો હોવાની વિગતો સામે આવી છે.

**DATE: 13/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

# અંકલેશ્વરમાંથી દારૂ સાથે બે ઝડપાયા

**અંકલેશ્વર** । ભરૂચ એલસીબીની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન વાલિયા ચોકડી પાસે વોચ ગોઠવી સુરતના રાજેશ નિષાદ અને રાહુલ નિષાદને ઝડપી પાડયા હતા, પોલીસે તેઓ પાસેથી રૂ.30 હજારની કિંમતનો દારૂનો જથ્થો અને બે મોબાઈલ, અને રોકડ રકમ મળી કુલ રૂપિયા 40 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મોડી રાત્રે ચારેયને અંકલેશ્વરપોલીસે ઝડપી પાડ્યાં હોવાના અહેવાલ

# કાર પર બેસી રીલ બનાવતાં યુવાનોનો વિડીયો વાયરલ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ નર્મદા મૈયા બ્રિજ ઉપર અકસ્માત ઝોન બન્યો છે. હાલ તેના પર 40 ની ગતિ મર્યાદા પણ લાગુ કરાઈ છે. ત્યારે તાજેતર માં ઓવર સ્પીડ દોડતી ખાનગી બસ નો વિડ્યો વાયરલ થયો હતો. જે અંગે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી બસ ચાલાક ને ઝબ્બે કર્યો હતો. જે હજુ ભુલાઈ નથી ત્યાં ભરૂચ થી અંકલેશ્વર તરફ કેટલાક યુવાનો ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાવી રહ્યા છે ત્રણથી ચાર જેટલા યુવાનો ફોરવીલ ગાડીની બહાર દરવાજા પર બેસીને વિડીયો શુટીંગ ( રીલ ) બનાવી હતી જેમાં ટાયટલ માર્યું હતું યારો કા કાફલા. એક કાર માં ચાર ઈસમો જ્યાં કાર ની બહાર બેસ્યા હતા ત્યાં બીજી કારમાં રહેલા ઈસમે વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર મુકતા જ વાયરલ થયો હતો. પોલીસ ખુલ્લી ચેલેન્જ આપતા હોય અને મોબાઈલ મેનિયા યુવાનોમાં એટલી હદે વટવા હતી કે પોતાના જીવને જોખમ પણ ઊભું કર્યું હતું. રીલ બનાવનાર નબીરાઓ અંકલેશ્વર ના હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે મોડી રાત્રે વિડીયોમાં સ્ટન્ટ કરનાર ચારને પોલીસે ઝડપી પાડ્યાં હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.

**DATE: 14/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# સામોર ગામેથી 3 જુગારી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે સામોર ગામે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સામોર ગામમાં આવેલાં પરમાર ફળીયામાં દરોડા પાડયાં હતાં. જેમાં પાના-પત્તાનો જુગાર રમતા કમલજીત પરમાર, કુણાલ પરમાર અને જયદીપ પરમારને ઝડપી પાડ્યા હતા. તેમની પાસે થયો રોકડ રૂપિયા તેમજ 3 મોબાઈલ મળી કુલ 32,630 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 15/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# નર્મદા મૈયા બ્રિજ ઉપર જોખમી સ્ટંટ કરીને રીલ બનાવનારાને પોલીસે પાઠ ભણાવ્યો

**યુવાનો** સોશિયલ મીડિયામાં ઝડપથી જાણીતા થવા માટે કરે છે સ્ટંટ



ભરૂચ: ભરૂચના નર્મદા મૈયા બ્રિજ ઉપર ઇન્સ્ટાગ્રામ રીલ બનાવવા જોખમી સ્ટંટ કરતા કેટલાક યુવાનોનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભરૂચ સી ડિવિઝન પોલીસે આ મામલે ગુનો દાખલ કરી ચાર લોકોને દબોચી લીધા છે. કારની બારી ઉપર લટકતા આ યુવાનોએ રીલ્સ બનાવીને કાયદાનો મજાક બનાવવા પ્રયત્ન કર્યો હતો. ભરૂચ સી-ડિવિઝન પોલીસે જેલના સળિયા ગણાવી આ તમામની સાન ઠેકાણે લાવી દીધી હતી. આ ચારેય યુવકો સૌરવસીંગ સુનીલસીંગ, ઓમ પ્રકાશ ક્રિષ્ના શર્મા, અભિષેક રામભરોસે સાહની તથા અરમાન રૂસ્તમ અંસારી (તમામ રહે.,ગડખોલ, અંકલેશ્વર) છે.

સોશિયલ મીડિયામાં વધારેમાં વધારે લાઇક મેળવવા તથા ફેમસ થઈ જવા યુવકો આ પ્રકારના સ્ટંટ કરતા હોય છે. આવી જ એક ઇન્સ્ટાગ્રામ રીલ વાયરલ થયેલી હતી, જેમાં કેટલાક યુવકો ભરૂચ નર્મદા મૈયા બ્રિજ ઉપર મારુતિ સ્વિફ્ટ કાર ચલાવતી વખતે દરવાજા બહાર નીકળી સ્ટંટ કરતા હોય તેવી ઇન્સ્ટા રીલ બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. આ આખોય મામલો ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલના ધ્યાને આવતાં તાત્કાલિક વાયરલ વિડીયોમાં જણાતા ઇસમો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે સૂચના આપી હતી. ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે વિડીયોમાં નજરે પડતી ફોર વ્હીલર નં.(GJ-૧૬-DG-૬૫૫૬)ના માલિકને શોધી કાઢી રીલ્સ બનાવનાર ચાર યુવાનની ધરપકડ કરી હતી.

**DATE: 15/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# અંકલેશ્વરમાં સસરાની અશ્લીલ હરકતોની ત્રસ્ત પુત્રવધૂએ અભયમ્ ટીમને બોલાવી

ભરૂચ: અંકલેશ્વરમાં મહિલાનો ૧૮૧ મહિલા હેલ્પ લાઈન પર કોલ એવો આવ્યો કે, તેઓ તેમની જેઠાણી સાથે બેઠાં હતાં. એ વેળા તેમના સસરાએ હાથ દબાવવાના બહાને બોલાવતાં એ ગઈ હતી. પરંતુ પુત્રવધૂને સમાજને ન શોભે એમ અડપલાં કરતાં તે સ્તબ્ધ બની ગઈ હતી. આથી અભયમ રેસ્ક્યુ ટીમને જાણ થતાં ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આથી પુત્રવધૂને આશ્વાસન આપી સસરા સામે પોલીસ કાર્યવાહી કરવાની કાર્યવાહી એક તબક્કે કરી દીધી હતી. કાયદાનો કોરડો જો વિંઝાઈ તો સમાજમાં પણ બદનામી થાય એ માટે અભયમ ટીમ સામે સસરો ઢીલો પડી જતાં તેણે ભૂલ સ્વીકારી લીધી હતી. અને પરિજનોના આગેવાનોએ પણ આવી અધમ કૃત્ય માટે ખુદ કુદરત પણ માફ ન કરે એવો ઠપકો આપ્યો હતો. જેને લઈને હવે પછી આવી હરકત ન કરું એવી લેખિત ખાતરી આપી હતી.

**DATE: 15/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

ઠેરઠેર પોલીસ તંત્રના ચેકિંગના પગલે રોંગસાઈડ વાહનો હંકારતા ચાલકો દંડાયા

# ભરૂચ શહેરની ટ્રાફિકની સમસ્યા સામે પોલીસ તંત્રએ મજબૂત મોરચો ખોલ્યો

## પાંચબત્તી, સ્ટેશન, કસક, ઝાડેશ્વર ચોકડી, મહંમદપુરા, શ્રવણ ચોકડી વિસ્તારમાં પોલીસ કાર્યવાહી

। ભરૂચ ।

છેલ્લા કેટલાક દિવસોથી ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં ટ્રાફીકજામની સમસ્યાના કારણે વાહન ચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. આ અંગે વિવિધ સ્તરોએ રજુઆત થતા આજરોજ ભરૂચ પોલીસ તંત્રએ ટ્રાફીકની સમસ્યા સામે મજબુત અને કડક કાર્યવાહી કરતા કઈ કેટલાય વાહન ચાલકો રોંગસાઈડે વાહન હંકારતા ઝડપાઈ ગયા હતા. આવા વાહન ચાલકોમાં સ્કુલવર્ધીમાં દોડતી રીક્ષાઓ અને વાનનો પણ મોટી સંખ્યામાં સમાવેશ થાય છે. આ ઉપરાંત મોટર સાયકલ અને મોપેડ ચાલકો પણ રોંગસાઈડે વાહન હંકારતા ઝડપાયા હતા.

ભરૂચ નગરના મુખ્ય રસ્તા પરના પોઈન્ટો જેવા કે, પાંચબત્તી, સ્ટેશન, કસક, ઝાડેશ્વર ચોકડી, મહંમદપુરા, શ્રવણ ચોકડી વગેરે વિસ્તારોમાં આજરોજ પોલીસ તંત્ર દ્વારા ટ્રાફીક સમસ્યાના અનુસંધાને કડક કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ તંત્રની કડક કાર્યવાહીના પગલે આજરોજ ટ્રાફીકની સમસ્યા અન્ય દિવસો કરતા પ્રમાણમાં હળવી જણાય હતી. ટ્રાફીક સમસ્યામાં સૌથી વધુ મહત્વની બાબત એ છે કે, ભરૂચ પંથકના વાહન ચાલકો પણ ટ્રાફીકના નિયમો સમજે અને તેનુ પાલન કરે તો ટ્રાફીકજામની સમસ્યા ન ઉદ્દભવે. ટ્રાફિક જામની સમસ્યાના પગલે એમ્બ્યુલન્સ અને ફાયરબ્રિગેડ જેવા જીવન આવશ્યક સેવાના વાહનો પણ રસ્તામાં અટવાઈ જતા હોય છે ત્યારે ભરૂચ પંથકના દરેક નાગરિકની ફરજ છે કે ટ્રાફીકના નિયમોનું પાલન કરે.





ભરૂચ નગરમાં વકરતી ટ્રાફિક સમસ્યાથી નગરજનો પરેશાન થતા અને પોલીસના માથે દોષનો ટોપલો ઢોળાતો હતો. ત્યારે શુક્રવારે પોલીસ કડક કાર્યવાહી કરી નિયમોનો ભંગ કરાનારા વાહન ચાલકોને દંડ કરાયો હતો.

### લોકો પોલીસતંત્રને સહકાર આપે

ભરૂચ જિલ્લા પોલીસ ડો.લીના પાટીલે ટ્રાફીક સમસ્યાને લઈને જણાવ્યુ હતુ કે. ટ્રાફીક સમસ્યાના નિરાકરણ અંગે લોકો પોલીસ તંત્રને સાથ આપે તે અત્યંત જરૂરી છે. ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોની ટ્રાફીકજામની પરિસ્થિતિ જોતા જો વાહન ચાલકો રોંગસાઈડે વાહન હાંકવાનું બંધ કરે તો ટ્રાફીક સમસ્યા ખુબ ઝડપથી ઉકેલાય જાય એમ પણ તેમણે જણાવ્યુ હતુ.

### દર વર્ષે ઉજવાતો ટ્રાફિક સપ્તાહ પણ નિયમોનું પાલન થતું નથી

ભરૂચ નગરમાં દર વરસે ટ્રાફીકના નિયમોની જાણકારી લોકોને મળી રહે તે માટે ટ્રાફીક જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. દર વરસે આ સપ્તાહોની ઉજવણી થતી હોવા છતાં હજી પણ ભરૂચ નગરમાં ટ્રાફીકની સમસ્યા છે તે જોતા એમ કહી શકાય કે, ભરૂચના લોકોને ટ્રાફીકના નિયમો અંગે પુરતી માહિતી છે પરંતુ તેનો અમલ કરતા નથી.

### નગરમાં ટ્રાફિક સિગ્નલની જરૂરિયાત

ટ્રાફિક સિગ્નલ વ્યવસ્થાનો ભરૂચ નગરમાં સદંતર અભાવ જણાય રહ્યો છે. કેટલાક વરસો પહેલા ગણતરીના દિવસો માટે પાંચબત્તી, કસક અને અન્ય વિસ્તારોમાં ટ્રાફીક સિગ્નલ ઉભા કરાયા હતા પરંતુ તે અગમ્ય કારણોસર બંધ કરી દેવાયા છે. આ ટ્રાફીક સિગ્નલ ફરી શરૂ થાય તેવી લોકમાંગ ઉભી થઈ છે

**DATE: 15/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### કંપનીના સીસીટીવી કેમેરામાં વોચમેન કેદ : જીઆઇડીસી પોલીસે તપાસ હાથ ધરી

# અંકલેશ્વરની મર્ક્યુરી કંપનીમાંથી વોચમેને 2 લાખના સામાનની ચોરી કર્યાનો ઘટસ્ફોટ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલ મર્ક્યુરી કંપનીમાં ફરજ બજાવતા વોચમેને રૂપિયા 2 લાખ ના લગ મશીન ના વિવિધ સામાન ની ચોરી કરતા સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો જે આધારે કંપની સંચાલકો એ જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વોચમેન ને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે .

અંકલેશ્વર જીઆઇડીસી ની મર્ક્યુરી કંપની માં લગ મશીન ના વિવિધ સામાન મુકવામાં આવ્યો હતો જે સામાન ની ચોરી થઇ હોવાની જાણ કંપની સંચાલકો ને કરવામાં આવતા તેઓ એ કંપની ના સીસીટીવી ચેક કર્યા હતા જેમાં કંપની માં વોચમેન તરીકે નોકરી કરતા હેરુલ રજવાડી લગ મશીન ના અલગ અલગ સામાન ની ચોરી કરતા કેદ થયો હતો ,કંપનીના કર્મચારીઓ એ હેરુલ રજવાડી ને આ સામાન ની ચોરી અંગે પૂછપરછ કરતા તેણે સામાન ની ચોરી નહિ કરી હોવાનું જણાવ્યું હતું જો કે તેને સીસીટીવી કેમેરા માં ચોરી કરતો કેદ થયો હોવાનું કહેવા છતાં ચોરી નથી કરી હોવાનું રટણ ચાલુ રાખ્યું હતું , અંતે કંપનીના અધિકારી એ પોલીસ ફરિયાદ નોંધાવવામાં કહેતા વોચમેન હેરુલ રજવાડી એ લગ મશીન ના સામાન ની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી અને ચોરી કરેલ સામાન પરત કરવાનું કહેતા તેણે સામાન પરત ન કરતા કંપનીના અધિકારી એ હેરુલ રજવાડી વિરુદ્ધ રૂપિયા 2 લાખ ના લગ મશીન ના અલગ અલગ સામાન ની ચોરી અંગે જીઆઇડીસી પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ગુન્હો નોંધી સીસીટીવી ફૂટેજ ના આધારે તેને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

**DATE: 16/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–00**

# અંકલેશ્વરમાં વાનના દરવાજા ખુલ્લા રાખી વિદ્યાર્થીઓને લઈ જતો ચાલક ઝડપાયો

ભરૂચઃ અંકલેશ્વરમાં સ્કૂલવાન ચલાવતા ઈશ્વરભાઈ પટેલે બપોરે અંકલેશ્વરમાં પુરપાટ ઝડપે રોગ સાઈડ ઉપર વાહન હંકાર્યું હતું. વાત આટલેથી અટકી ન હતી પણ આ લાપરવાહ વાનચાલકે બાળકો વાનમાં બેઠા હોવા છતાં વાનના દરવાજા પણ ખુલ્લા રાખ્યા હતા. એક જાગૃત નાગરિકે બાળકોનો જીવ જોખમમાં મૂકતો આ વિડીયો રેકોર્ડ કરી વાયરલ કર્યો હતો. ભરૂચ જિલ્લા SP ડો.લીના પાટીલને ધ્યાને આ મામલો આવતાં કાર્યવાહીની સૂચના આપી હતી. અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.યુ. ગાડરિયાએ તાત્કાલિક ટીમને આ કામગીરી સોંપી ગણતરીના સમયમાં લાપરવાહ વાનચાલકને ઝડપી પાડ્યો હતો.

**DATE: 16/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# રાજપારડી નજીકથી ખનીજ ભરેલાં ઓવરલોડ ૧૫ વાહનો ઝડપી પાડ્યાં

## ભૂસ્તર વિભાગના સંયુક્ત ઓપરેશનમાં નિયમભંગ કરતા વાહનો જપ્ત

| ઝઘડિયા |

ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામની જીએમડીસી ફાટક નજીકથી આજરોજ વાહન ચેકિંગ દરમિયાન ઓવરલોડ અને રોયલ્ટી ભર્યા વિનાના ૧૫ વાહનો ઝડપાતા નિયમ ભંગ કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

ઉલ્લેખનીય છેકે ઝઘડિયા ખાતે હાલમાં પ્રાન્ત અધિકારી તરીકે કલ્પેશ શર્માની એક મહિના માટે નિમણુંક થતા તેમણે તાજેતરમાં ઝઘડિયા પ્રાન્ત કચેરી ખાતે બેઠક બોલાવી હતી. આ બેઠકમાં તેમણે ઓવરલોડ અને અન્ય નિયમોનો ભંગ કરીને દોડતા વાહનો સહિતના ઘણા સ્થાનિક પ્રશ્નોની ચર્ચા કરી હતી.

અધિકારી કલ્પેશ શર્માએ ઝઘડિયા મામલતદાર, સ્થાનિક પોલીસ,જિલ્લા ભુસ્તર વિભાગ તેમજ આરટીઓ ભરૂચ સાથે સંયુક્ત ડ્રાઈવ યોજીને નિયમભંગ કરતા વાહનો વિરુધ્ધ સપાટો બોલાવતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

આ અંગે જાણવા મળ્યા મુજબ દસ ઉપરાંત વાહનો ઓવરલોડ જથ્થો ભરેલા, ત્રણ જેટલા વાહનો રોયલ્ટી ચોરી સાથેના આ સંયુક્ત ઓપરેશન દરમિયાન ઝડપાયા હતા. વધુમાં મળતી વિગતો મુજબ નિયમભંગ બદલ ઝડપાયેલા આ વાહનો પ્રતિ શિક્ષાત્મક પગલાં ભરાનાર હોવાનું જાણવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છેકે ઝઘડિયા તાલુકો વિપુલ પ્રમાણમાં ખનીજ સંપત્તિ ધરાવતો તાલુકો હોઈ તાલુકામાં લાંબા સમયથી ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે. જોકે ઝઘડિયા પ્રાન્ત અધિકારી તરીકે એક મહિનાની તાલિમ માટે મુકાયેલા આઈએએસ અધિકારી કલ્પેશ શર્માએ આજરોજ લાલ આંખ કરતા રાજપારડી ખાતેથી નિયમભંગ કરતા વાહનો ઝડપાયા હતા.

બે દિવસ અગાઉ પ્રાન્ત અધિકારીએ સાથે યોજેલ બેઠકમાં તાલુકામાંથી પગ કરી જતા સરકારી અનાજના જથ્થાની બાબત,મધ્યાહ્ન ભોજન,તાલુકામાં હાલ રહેલા બોગસ બીપીએલ રેશનકાર્ડ, ધોરીમાર્ગ સહિત અન્ય માર્ગો બનાવતી વખતે થતી ગેરરીતિઓ સહિતના વિવિધ મુદ્દા ચર્ચાયા હતા, ત્યારે હવે આ નવા નિમાયેલ અધિકારી હવે ક્યાં અને કેવા પગલા ભરે છે તેના પર સહુની નજર છે.

**DATE: 16/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## 28 મી એપ્રિલે 72 હજારના માલમત્તાની ચોરી થઇ હતી

# અંકલેશ્વરની ફેબ્રિકેશન કંપનીમાં થયેલ ચોરીનો 1 આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની નેક્ટર એન્જીનીયરીંગ ફેબ્રિકેશન કંપની કમ્પાઉન્ડમાં થી થયેલી ચોરી માં સંડોવાયેલ વધુ એક આરોપી ઝડપાયો જવા પામ્યો છે. ગત 28 મી એપ્રિલ ના રોજ 72 હજાર ઉપરાંત ના માલમત્તાની ચોરી થઇ હતી. અગાઉ ભંગારી સહીત 3 ઈસમોને ઝડપી પાડ્યા હતા.

બનાવ ની વિગતો અનુસાર ગત તા.૨૮મી એપ્રિલના રોજ અંકલેશ્વર જીઆઈડીસીમાં નેક્ટર એન્જીનીયરીંગ ફેબ્રિકેશન કંપની તસ્કરોએ નિશાન બનાવી હતી. તસ્કરો કંપનીના કમ્પાઉન્ડમાં પ્રવેશ કરી એસ.એસ.ના સ્પેરપાર્ટ અને સ્ટ્રક્ચર મટિરિયલ્સ 654 કિલો ગ્રામ સામાન મળી રૂપિયા 72 હજાર થી વધુ ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ચોરી અંગે જી.આઈ.ડી.સી.પોલીસે ગુનો નોંધી અગાઉ ભંગારી સહીત 3 ઈસમોને ઝડપી પાડ્યા હતા, બંને આરોપીની પૂછપરછ માં પ્રિન્સ કુમાર ઉર્ફે રાજા નું નામ ખુલ્યું હતું. જે આધારે પોલીસે પ્રિન્સ કુમાર ઉર્ફે રાજા ની શોધખોળ શરુ કરી હતી દરમિયાન ગત રોજ માહિતી આધારે ચોરી માં સંડોવાયેલ પ્રિન્સ કુમાર ઉર્ફે રાજા પ્રવીણભાઈ રાજપુત ને સાંરગપુર ગોપીનાથ સોસાયટી -2બ ખાતેથી ઝડપી પાડ્યો હતો.અને તેના રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

**DATE: 16/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# પાલેજની બ્લૂ મૂન સ્કૂલ ખાતે સેરેમનીનો કાર્યક્રમ યોજાયો



। પાલેજ ।

પાલેજ પાસે આવેલ બ્લુ મૂન HHMFC પબ્લિક ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પાલેજ પી આઈની ઉપસ્થિતિમાં ઈન્વેસ્ટિચર સેરેમની યોજવામાં આવી હતી. જ્યાં પાલેજ પીઆઈ શિલ્પાબેન દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટેની લીડર શિપ માટે તૈયાર રહેવા આહવાન કરાયું, વિદ્યાર્થીઓને શાળામાં નેતૃત્વની જવાબદારીઓ આપવામાં આવી હતી. આ સમારંભનો ઉદ્દેશ તેમની ક્ષમતાને ઓળખવાનો, જવાબદારીની ભાવના કેળવવાનો અને તેમને શાળા સમુદાયમાં રોલ મોડલ બનવા માટે સશક્તિકરણ કરવાનો હતો. આ કાર્યક્રમમાં ૨૦૨૨-૨૩ ના તોપર્શ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાલેજ પીઆઈ શિલ્પાબેન દેસાઈ દ્વારા પ્રેરણા દાયિક વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

**DATE: 16/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–02**

# અંકલેશ્વરથી ગાંજાના જથ્થા સાથે એક મહિલાને ઝડપી પાડતી એસ.ઓ.જી.

ભરૂચમાં યુવા ધન નશાના રવાડે ન ચડે તથા નશા યુક્ત પદાર્થોનું સેવન અટકાવવા ગાંજાનું ગેરકાયદેસર વેચાણ કરતા શખ્સોને ઝડપી પાડવા પોલીસ અધિક્ષક ડો. લીના પટેલ દ્વારા એસ.ઓ.જી પોલીસને સૂચન આપવામાં આવ્યું હોય જેના આધારે પીઆઈ એ.એ ચૌધરીએ જુદી જુદી ટીમ બનાવી નશા યુક્ત પદાર્થનું વેચાણ કરતા આસામીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હોય તે દરમિયાન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હોય તે સમયે બાતમી મળેલ કે અંકલેશ્વરના એક રહેણાંક મકાનમાં એક મહિલા પાસે ગાંજાનો જથ્થો વેચાણ માટે આવેલ હોય આ બાતમીના આધારે એસ.ઓ.જી. ની ટીમે સુરતી ભાગોળ અંકલેશ્વર ખાતે દરોડો પાડી નસીમબાનુ મોહમ્મદ હનીફ સરીગતને તેના રહેણાંક મકાનમાંથી ઝડપી લઈ તેની પાસે રહેલ મુદ્દામાલ જેમાં ગાંજાના ૮૮૨ ગ્રામ કિંમત રૂા. ૮૨૨૦,સહિત કુલ રૂા. ૧૮,૯૯૦ નો મુદ્દામાલ ઝડપી લઈ આ મહિલા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે તથા પોલીસ દરોડા દરમિયાન ફરાર થયેલ કાપોદ્રા સુરતનો આરોપી કેશવને ઝડપી પાડવા એસ.ઓ.જી. ની ટીમે ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 16/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

ભાસ્કર વિશેષ | ભરૂચ અંકલેશ્વરના માર્ગો પર ઢોરોના અડિંગાથી ટ્રાફિક-અકસ્માત થતાં હતાં

# પાલિકાએ રખડતા ઢોર ડબ્બે પૂરવાની ઝુંબેશ શરૂ કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર પાલિકા ને શહેરમાં રખડતા ઢોર ડબ્બા પુરાવાની ઝુંબેશ શરુ કરી હતી. અંકલેશ્વર શહેરમાં માર્ગ પર ટ્રાફિક ને અડચણ રૂપ રખડતા ઢોર નો અડિંગો હતો જમાવ્યો હતો. પાલિકા ઢોર ને ડબ્બે પુરી જુના દીવા પાંજરાપોળ ખાતે ખસેડાયા હતા. ઢોર માલિક સમયે પણ દંડકીય કાર્યવાહી કરાઈ હતી. પોલીસ સુરક્ષા વચ્ચે માર્ગ પર ઢોર પકડવાની ઝુંબેશ વચ્ચે પશુપાલકો માથાકૂટ ના સર્જાય તે માટે તકેદારી સાથે કામગીરી નો પ્રારંભ કર્યો હતો.

અંકલેશ્વર શહેર જાહેર માર્ગો પર છેલ્લા કેટલાક સમયથી પશુપાલકો છોડી મુકેલા ઢોરો એ અડિંગો જમાવ્યો હતો. ટ્રાફિક ને અડચણ રૂપ તેમજ માર્ગ પર અડિંગો જમાવી બેઠેલા ઢોર ને લઈ વાહન ચાલકોને હાલાકી પડી રહી હતી તો રાજ્ય માં ઢોર ના વધતા હુમલાને લઈ અંકલેશ્વર પાલિકા દ્વારા ચીફ ઓફિસર કેશવ કોલડીયા ના માર્ગદર્શન હેઠળ સેનીટેશન ઈન્સ્પેક્ટર રઘુવીર સિંહ મહિડા તેમજ સ્ટાફ સાથે પોલીસ બંદોબસ્ત સાથે રખડતા ઢોર ને પકડવાનું અભિયાન નો પ્રારંભ કર્યો હતો. જાહેર માર્ગ પર થી તેમજ આંતરિક માર્ગ પર થી ઢોર પકડવા વિશેષ વાહન સાથે ટીમ દ્વારા કામગીરી આરંભી હતી. બપોર બાદ શરુ કરેલી કામગીરી મોડે સુધી ચાલી રહી હતી અને રખડતા ઢોર ને પકડી પાડી દીવા ખાતે આવેલા પાંજરાપોર માં મોકલી આપ્યા હતા. તેમજ ઢોર માલિકો સામે દંડનીય કાર્યવાહી નો પણ પ્રારંભ કર્યો હતો.

અંકલેશ્વર નોટીફાઈડ વિસ્તાર માં પણ રખડતા પશુ ને લઈ લોકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. કેટલાક સોશિયલ મીડિયા ગ્રુપ માં તો ફોટો મૂકી આ બાબતે ચર્ચાએ જોર પકડ્યું છે. તો માર્ગ પર અડિંગો જમાવી બેઠેલા તેમજ જાહેર માં રખડતા પશુ ને પકડવામાં માટે નોટીફાઈડ વિભાગ પાસે કાર્યવાહી કરવા માંગ પણ કરાઈ રહી છે.

**DATE: 16/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# રાજપારડી ગામમાં બાથરૂમ પર સંતાડેલ દારૂનો ઝડપાયો

ભાસ્કરવિશેષ | ઝઘડિયા

રાજપારડી પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ રાજપારડી પીએસઆઇ દેસાઇ ટીમ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે તે દરમિયાન બાતમી મળી હતી કે રાજપારડીના સડક ફળિયામાં રહેતા અશોક નટવરભાઇ વસાવાએ તેના ઘરના પાછળના ભાગે નજીકમાં આવેલ ખંડેર મકાનની બહાર આવેલ બાથરૂમની ઉપર બનાવેલ સિમેન્ટ કોંક્રીટની ટાંકીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. સિમેન્ટ કોંક્રીટની ટાંકીમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ રૂ.27200ની દારૂની ૨૭૨ બોટલો કબજે લીધી હતી.